**શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી**
તા.કામરેજ, જી.સુરત – ૩૯૪ ૧૫૦ ( ગુ જ રા ત )

---

**સંસ્થાની પ્રશ્ચાદ ભૂમિકા અને ઈતિહાસ :**

વિદ્યાય થયેલ સદીના સાતમા–આઠમા દાયકાની વાત છે. દક્ષિણ ગુજરાતમાં કેળાંની ખેતી અચાનક વાયરસના ઉપદ્રવને કારણે વિકટ સ્થિતિમાં મુકાયેલ, કેળાંની ખેતી કરતાં અનેક ખેડૂતો નિરાશ થઈ દિશાશુન્ય બન્યા હતા. ઓલપાડ તાલુકામાં કપાસનો પાક પણ નિષ્ફળ ગયો હતો. શેરડીની ખેતી તરફ ઝુકાવ વધતો જતો હતો પણ પિલાણ ક્યાં કરાવવું એ સમસ્યા સામે હતી. છેક વલસાડ સુધી લાંબા થઈને શેરડીનો નિકાલ મહામુશ્કેલીએ કરવો પડે તેવા દિવસો હતાં. બીજી તરફ માંડવી, માંગરોલ, ઓલપાડ, ચોર્યાસી તાલુકાના નાના, ગરીબ ખેડૂત જેઓ કોઈ સુગર ફેકટરીના શેર મેળવી શકયાં ન હતા તેઓ પણ શેરડીની ખેતી વડે આર્થિક સધ્ધરતા મળે એની આશામાં કોઈ તકની રાહ જોતા ઉભા હતા. કામરેજ તાલુકાના સહકારી આગેવાન સ્વ.શ્રી ગોરધનભાઈ, શ્રી નવિનભાઈ, સ્વ.શ્રી યુસુફભાઈ વગેરેઓએ આ પરિસ્થિતિ ઉપર ચિંતન કર્યું અને એ ચિંતનમાંથી જન્મ થયો કામરેજ સુગર ફેકટરીનો. એ સૌ આગેવાનોનું એ વિચાર બીજ આજે મોટું વટવૃક્ષ બનીને ઉભું છે, જે આજે અનેક ખેડૂત કુટુંબોને તથા કામદાર વર્ગને યોગક્ષેમ પુરૂં પાડે છે.

આ અનુસંધાને સંસ્થાની સ્થાપના કરવાનું કામરેજ વિભાગ કો–ઓ.ફ્રુટ એન્ડ વેજીટેબલ ગ્રોઅર્સ સોસાયટી લી., કામરેજ ચારરસ્તાની તા.૨૩/૧૧/૧૯૮૦ ની વ્યવસ્થાપક કમિટીના ઠરાવ નં.૧૧ થી નકકી થયેલ. ૧૯૮૧ માં સુચિત મંડળીની સ્થાપના માટે મીટીંગ મળેલ, જેમાં કામરેજ વિસ્તારના કોઈક યોગ્ય સ્થળે કોઈ નવી સુગર ફેકટરીની સ્થાપના કરવી કે જેથી કામરેજ ઉપરાંત ઓલપાડ, માંગરોલ, માંડવી તથા ચોર્યાસી વિસ્તારના નાના અને સીમાન્ત ખેડુતો કે જેઓ અન્ય સુગર ફેકટરીઓના શેર મેળવી શકયાં ન હતાં અને શેરડીની ખેતી કરવાની તક મળી નથી એવા સભાસદોને લાભ મળે તે ધ્યાનમાં રાખી સુગર ફેકટરીની સ્થાપના કરવાનું નકકી કરવામાં આવ્યું અને તે માટે મુખ્ય પ્રયોજક તરીકે શ્રી ગોરધનભાઈ પટેલની વરણી કરી હાલના પ્રમુખશ્રી નવિનભાઈ નારણભાઈ પટેલની સક્રિય નેતાગીરી હેઠળ લાયસન્સ મેળવવાની તજવીજ ૧૯૮૧ થી શરૂ કરવામાં આવી. સાથે કામરેજ તાલુકાના નવીપારડી ગામે જમીન મેળવવાની કામગીરી શરૂ કરવામાં આવી. ૭ – ૮ વર્ષનો સમયગાળો વહી ગયો પરંતુ કેન્દ્ર સરકારમાંથી લાયસન્સ ન મળી શકયું. ખાંડ ઉદ્યોગ માટે તે દિવસો લાયસન્સ રાજના હતાં અને સુગર ફેકટરીની સ્થાપના કરવા માટે લાયસન્સ મેળવવું જરૂરી હતું. આ સમય દરમ્યાન તે સમયના ચલથાણ સુગર ફેકટરીના પ્રમુખશ્રી અને ચોર્યાસીના ધારાસભ્યશ્રી ઠાકોરભાઈ નરોત્તમભાઈ પટેલે સૌરાષ્ટ્ર વિસ્તારમાં બંધ પડેલ જુની મશીનરી લાયસન્સ સહિત તબદીલ કરવા સૂચન કર્યુ અને તેના અનુસંધાનમાં રાજય સરકારના માધ્યમથી કેન્દ્ર સરકારમાં પણ આ અંગે રજુઆત કરવામાં આવી અને તળાજા સુગર ફેકટરી જે બંધ પડેલી હતી અને ફડચામાં ગયેલ જે મેળવવાના પ્રયત્નો ૧૯૮૭થી શરૂ કર્યા.

પરંતુ સુગર ફેકટરીની સ્થાપના કરવા અનેક વિધ્નો આડા આવતાં ગયાં. તળાજા વિસ્તારના રાજયકીય આગેવાનો વિરોધ કરી હાઈકોર્ટમાં અરજી કરી સ્ટે મેળવ્યો જેથી આ મશીનરી ખસેડીને લાવવાનું કામ પણ અટકી ગયું. આ સમય દરમ્યાન પહેલાં કામરેજ વિસ્તારના નવીપારડી ખાતે ૧૦૩ એકર જમીન અગાઉથી શ્રી નવિનભાઈ પટેલના પ્રયત્ન થકી મેળવેલ હતી. ત્યાં પ્રાથમિક કામકાજ શરૂ કર્યુ. હાઈકોર્ટના અનેક ફેરાઓ પછી એમાં સફળતા મેળવવાની શકયતા ઓછી જણાતા સદર શ્રી સિધ્ધેશ્વર ખાંડ ઉદ્યોગ મંડળી લી., તળાજાની મશીનરી ખરીદવાના પ્રયત્નો પડતાં મુકવામાં આવ્યા અને ફરીથી રાજય સરકારને અન્ય બંધ પડેલ સુગર ફેકટરીનું લાયસન્સ મેળવવા માટે વિનંતી કરવામાં આવી. સરકારે અમરેલી જીલ્લાની ગાવડકા ખાતે ૧૯૭૦ થી બંધ પડેલ સુગર ફેકટરીની મશીનરી વેચાણથી આપવાનું નકકી કરી અને તે માટે ફરીથી કેન્દ્ર સરકારમાં જરૂરી કાર્યવાહી શરૂ કરી. ત્યારપછી મશીનરી તબદીલીની કાર્યવાહી શરૂ કરી પરંતુ મુશ્કેલી અને વિધ્નોનો અંત જ ન હોય એમ ત્યાંના સભાસદોએ પોતાના શેરડીના પૈસા તથા શેરના પૈસા પરત આપો એવી માંગણી સાથે આંદોલન શરૂ કર્યુ. ફરી મશીનરી સ્થળાંતરની કામગીરી બંધ કરવી પડી. તે સમયના મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈની મદદ માંગી. એમણે તાત્કાલિક તે સમયના સહકાર સચિવ શ્રીમતિ સુધાબેન સાંચલીયાના માધ્યમથી ખાંડ નિયામકશ્રી અનિલભાઈ મુકીમને અમરેલી મોકલ્યા. ત્યાંના કલેકટરશ્રી તથા રાજકીય આગેવાનો સાથે બે દિવસ લગાતાર મીટીંગ કરી સરકારશ્રીની મંજૂરીથી રૂા.૩૯૯.૪૦ લાખમાં ખરીદ કરેલ કિંમત ઉપરાંત વધારાના રૂા.૬૫/– લાખ ખેડૂતોને આપી મશીનરી મેળવી શકયા.

મશીનરી આવ્યા બાદ ઈરેકશનનું કામ નિર્ધારીત સમયમાં પુર્ણ કરી તા.૦૮/૧૧/૧૯૯૩ ના રોજ ફેકટરી શરૂ કરી ટ્રાયલ સીઝનમાં જ ૧૨૫૦ ટી.સી.ડી. કેપેસીટીના પ્લાન્ટમાં ૧૮૩૭૪૫.૪૭૦ મે.ટન શેરડીનું પિલાણ કરેલ. જે સમગ્ર ગુજરાતમાં વિક્રમ સર્જક હતું. અમરેલી ખાંડ મંડળીનું લાયસન્સ ભારત સરકાર દ્વારા સંસ્થાને એ શરતે ટ્રાન્સફર કરી આપવામાં આવેલ કે બે વર્ષમાં આ સુગર ફેકટરી ૨૫૦૦ ટી.સી.ડી.નું એક્ષપાન્શન કરી શકે અને આપણે એ શરત મુજબ બે વર્ષની મુદત દરમ્યાન ૧૨૫૦ ટી.સી.ડી. થી ૨૫૦૦ ટી.સી.ડી. સુધીનું એક્ષપાન્શન પુર્ણ કરેલ. સંસ્થા શરૂ થવાને કારણે લગભગ ૭૫૦ જેટલાં કર્મચારીઓ તેમજ લગભગ ૮૦૦૦ શેરડી કાપણી મજુરોને રોજી–રોટી મળી તેમજ શેરડીના પાકને કારણે આજુબાજુના ખેડુત સભાસદો આર્થિક રીતે સધ્ધરતા મેળવી શકયાં છે.

સંસ્થા તરફથી રોટરી કલબ ઓફ કડોદરા, તેમજ સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રીસર્ચ સેન્ટર, સુરતના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે.

કાર્ય–વિસ્તારના ગામોમાં શૈક્ષણિક સંસ્થાઓને દરવર્ષે આર્થિક સહાય પુરી પાડવી, હોસ્પિટલોમાં અનુદાન આપી આરોગ્ય સેવાઓને વિકસાવવા તેમજ સ્મશાન ગૃહો વિગેરે જાહેર સંસ્થાઓને આર્થિક રીતે મદદરૂપ બની સામાજીક સેવાઓની પ્રવૃત્તિઓમાં પણ વિશેષ રસ દાખવી સ્થાપના કાળથી આજ પર્યન્ત લગભગ રૂપિયા સવા કરોડથી વધુનું દાન આપી સહાયભૂત થયેલ છે.

આ ઉપરાંત સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવવા માટે સંસ્થા ખોલવડ મુકામે દિનબંધુ હોસ્પિટલ ચલાવવા દર વર્ષે લગભગ પાંચથી છ લાખ રૂપિયા અનુદાન પેટે આપીએ છીએ.

**સંસ્થાની પ્રાથમિક માહિતી :**

| | | |
|---|---|---|
| ૧. | લાયસન્સ તારીખ | : ૩૧/૦૭/૧૯૯૦ |
| ૨. | નોંધણી તારીખ | : ૩૧/૦૮/૧૯૯૦ |
| ૩. | કાર્યક્ષેત્ર (હેકટર) | : |
| | (અ) મંડળીનું કાર્યક્ષેત્ર વિસ્તાર | : ૩૦,૫૦૦ (હેકટર) |
| | (બ) કાર્યક્ષેત્ર પૈકી વાવેતર વિસ્તાર | : ૬,૪૦૩ (હેકટર) |
| ૪. | પ્રથમ શેરડી પિલાણ તારીખ | : ૮/૧૧/૧૯૯૩ |
| ૫. | પિલાણ ક્ષમતા (દૈનિક મે.ટન) | : ૨૫૦૦ ટી.સી.ડી. |
| ૬. | કુલ સભાસદ સંખ્યા | : ૨૩૯૪૫ |
| | (૧) અનુ.જનજાતિ | : ૩૭૯ |
| | (૨) અનુ.જાતિ | : ૧૩૬૦ |
| | (૩) અન્ય | : ૨૨૨૦૬ |
| ૭. | પ્રોજેકટ કોસ્ટ (રૂા.લાખમાં) | : ૫૩.૧૫ |
| | (૧) સભાસદોનું શેર ભંડોળ | : ૬૫૦૦૨૦૦૦/– |
| ૮. | ફેકટરી દ્વારા આપવામાં આવતી રોજગારી | |
| | (૧) પૂર્ણ રોજગારી | : ૮૫૬ |
| | (૨) સીઝનલ રોજગારી | : ૩૯૬ |
| | (૩) કાયમી રોજગારી | : ૨૮૯ |
| | (૪) ટ્રેઈની (બદલી) | : ૨૯ |
| | (૫) કોન્ટ્રાકટર લેબર | : ૧૩૦ |
| | (૬) એપ્રેન્ટીસ | : ૧૨ |

## પ્રમુખશ્રીનો કાર્યકાળ

- તા.૧૦/૦૧/૧૯૮૧ ના રોજથી મુખ્ય પ્રયોજક તરીકે શ્રી ગોરધનભાઈ મગનભાઈ પટેલની વરણી કરવામાં આવેલ.
- તા.૦૩/૦૧/૧૯૯૧ થી પ્રથમ વ્યવસ્થાપક સમિતિની નિયુક્તિ ખાંડ નિયામકશ્રી, ગાંધીનગરના પરીપત્રથી પ્રમુખ તરીકે વરણી થયેલ જે ૧૯૯૮ સુધી પ્રમુખ તરીકે કાર્યરત રહયાં.
- તા.૧૫/૧૦/૧૯૯૮ થી શ્રી નવિનભાઈ નારણભાઈ પટેલની પ્રમુખ તરીકે વરણી થયેલ. ત્યારબાદ અત્યારસુધી  સંસ્થાના સફળ સુકાની તરીકે કાર્યભાર સંભાળી રહયાં છે.
- તા.૧/૩/૨૦૧૧ થી શ્રી મનહરભાઈ મગનભાઈ પટેલની પ્રમુખ તરીકે વરણી થયેલ છે અને હાલમાં પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળી રહયાં છે.

| અ.નં. | જીલ્લો | મંજૂર થયેલ પ્રોજેક્ટ | પ્રોજેક્ટનું સ્થળ | કુલ મંજૂર થયેલ ગ્રાંટ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | સુરત | પાયલોટ પ્રોજેક્ટ ફોર એનહેન્સીંગ સુગરકેન પ્રોડકટીવીટી | નવીપારડી | ૧૨.૨૫ |
| ૨. | સુરત | મીકેનાઈઝેશન હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ | નવીપારડી | ૧૦૦.૦૦ |
| ૩. | સુરત | સોઈલ એન્ડ માઈક્રોન્યુટ્રીઅન્ટ ટેસ્ટીંગ લેબ | નવીપારડી | ૯.૭૫ |
| ૪. | સુરત | ફંગબેકટ સુગરકેન કીટ પ્રોજેક્ટ | નવીપારડી | ૧૫.૩૧ |
| ૫. | સુરત | સુગરકેન પ્લાન્ટર | નવીપારડી | ૩.૬૦ |
| ૬. | સુરત | બાયો–કમ્પોસ્ટ અને વર્મી–કમ્પોસ્ટ પ્રોજેક્ટ | નવીપારડી | ૩૨૫.૦૦ |

## છેલ્લાં પાંચ વર્ષના શેરડીના ભાવો

| ક્રમ | વિગત | ૨૦૦૭–૦૮ | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ |
|---|---|---|---|---|---|---|
| (૧) | ખેતર બેઠા ભાવ (નેટ) | ૯૬૮/– | ૧૯૫૩/– | ૨૫૪૩/– | ૧૯૦૩/– | ૨૩૦૩/– |
| (૨) | કાપણી વાહતુક | ૨૨૯/– | ૨૬૦/– | ૨૭૧/– | ૨૮૬/– | ૩૭૭/– |
| (૩) | ફેકટરી બેઠા | ૧૧૯૭/– | ૨૨૧૩/– | ૨૮૧૪/– | ૨૧૮૯/– | ૨૬૮૦/– |
| (૪) | કપાત રકમ | ૩/– | ૩/– | ૩/– | ૩/– | ૩/– |